ક્રમાંક:મઉમશબ/ક-૧/ ૪૬૮૨૨-૫૦૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
જુના સચિવાલય પાસે, સેક્ટર-૧૦ બી,
ગાંધીનગર તા.૩૦/૦૯/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ, ગુજરાત રાજ્ય

**વિષય:-** SSC અને HSC માર્ચ-૨૦૨૩ની પરીક્ષા સંદર્ભે શાળાઓમાં શિક્ષાકોષ્ટક અંગે જાગૃતિ બાબતે

જય ભારત સાથે ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર SSC અને HSC ની આગામી માર્ચ-૨૦૨૩ની પરીક્ષા ગેરરીતી વિહિન અને ભયમુક્ત સ્વસ્થ વાતાવરણમાં લેવામાં આવે તેવુ આગોતરું આયોજન કરવું જરૂરી છે. આ સંદર્ભે ગેરરીતી કેસ અંગે બનતા ગુનાઓ સામે લેવાના પગલાથી તમામ વિદ્યાર્થી અવગત બને અને જાગૃત માનસીક્તા અને પૂર્વ તૈયારી સાથે પરીક્ષા માટે સજ્જ બને તે હેતુસર શાળાઓમાં શિક્ષાકોષ્ટકથી વિદ્યાર્થીઓને વિગતવાર માહિતગાર કરવાના થાય છે. જે અનુસંધાને શાળાઓએ નીચેની પ્રવૃતિઓનું આયોજન કરવાનું રહેશે.

- શિક્ષા કોષ્ટકની પ્રત શાળાના નોટીસબોર્ડ પર લગાવવી.
- પ્રાર્થના સભામાં શિક્ષાકોષ્ટકનું વાંચન કરવામાં આવે તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા વક્તવ્ય યોજવામાં આવે.
- પરીક્ષામાં પ્રામાણિક્તા અંગેના વિષયો લઈ વક્તૃત્વ સ્પર્ધા/નિબંધ સ્પર્ધા યોજવામાં આવે.
- શાળા કક્ષાએ યોજાતી પરીક્ષામાં પણ બોર્ડની પરીક્ષાની કાર્યપદ્ધતિ અપનાવવાથી વિદ્યાર્થી વાર્ષિક પરીક્ષાની કાર્યપદ્ધતિની તાલીમ મેળવે તે માટે પ્રથમ/દ્વિતીય પરીક્ષામાં બોર્ડની પરીક્ષા જેવી પદ્ધતિ અપનાવીને આગામી બોર્ડની સત્રાંત પરીક્ષા માટે વિદ્યાર્થીઓને સજ્જ કરવામાં આવે.
- બોર્ડની પરીક્ષામાં ઉમેદવાર વર્ગખંડમાં મોબાઇલ અથવા સ્માર્ટ ઘડીયાળ, કેમેરાવાળું કેલ્ક્યુલેટર/સાયન્ટીફીક કેલ્ક્યુલેટર કે ઇલેક્ટ્રોનિક યંત્ર વગેરે લાવેલ હોવાનું માલુમ પડશે તો જે તે વર્ષનું પરીક્ષાનું સમગ્ર પરિણામ રદ્દ થશે તેમજ ત્યારબાદની બે પરીક્ષામાં બેસવાદેવામાં આવશે નહીં. તેમજ તેની સામે પોલીસકેસ (FIR) નોંધવામાં આવે છે. આ કલમ બાબતે ખાસ જાગૃતિ કેળવવી તેમજ પરીક્ષા શુદ્ધિકરણ માટે જરૂરી આયોજન કરવું.

આમ ઉપરોક્ત અને તે સિવાયની જરૂરી પ્રવૃતિનું આયોજન કરી વિદ્યાર્થીઓમાં શિક્ષાકોષ્ટક અંગે જાગૃતિ ફેલાવવી. વિદ્યાર્થીઓ ગેરરીતી રહીત વાતાવરણમાં પૂર્વ તૈયારી સાથે પરીક્ષા આપે તેવું વાતાવરણ નિર્માણ કરવા આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સૂચિત કરી જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

❖ બિડાણ:-
SSC/HSC પરીક્ષામાં ગેરરીતી આચરતા
પરીક્ષાર્થીઓનું શિક્ષાકોષ્ટક ( Z-04C પરિશિષ્ટ-અ )

Scanned with CamScanner

અ.નં. મા.શ/૨૦૨૨/૧૯૫૧૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સુરત, જિ. સુરત

તા. 06/10/22

પ્રતિ,

આચાર્યશ્રી

તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

સુરત.

District Education Officer

Surat, Dist. Surat.